ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ફુડ સિક્યોરીટી એક્ટ માર્ચથી

# મેટ્રો ટ્રેન ત્રીજા ફેઈઝમાં ગાંધીનગર લંબાવાશે : મુખ્યમંત્રી

**ગાંધીનગર રેલવે સ્ટેશનને હાઈટેક બનાવવા પણ જોગવાઈ ગુડાના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન ૬૪૦ આવાસોનો કબજો સોંપાયો : ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવામાં આવશે : આશિષ દવે : ગુડા વિસ્તાર માટે ૬૭.૨૧ કરોડના વિકાસ કામોની ભેટ :ગુડા વિસ્તારમાં નવા બાગ બગીચા તેમજ તળાવ બ્યુટીફિકેશનના કામો પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૨

સરકારે આમ નાગરિકો માટે કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બનાવ્યા છે.પ્રધાનમંત્રીએ પણ મકાન માટે ૭૦ હજારની બદલે ૧.૨૫ લાખની સહાય કરવાનો નિર્ણય લીધો છે. સુરત અને અમદાવાદનો સ્માર્ટ સિટીમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે.ત્યારે ગુજરાતના ૩૦૦ જેટલા ગામોને પણ સ્માર્ટ વિલેજ બનાવવા માટે સરકારે નિર્ણય લીધો છે. ફેઈઝ થ્રીમાં મેટ્રો ટ્રેઈન ગાંધીનગર સુધી લંબાવાશે જયારે આ માટે ડી પીને અનુલક્ષી બજેટમાં જોગવાઈ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર તેમજ સુરત રેલવે સ્ટેશનને પણ વિદેશની પેટર્ન મુજબ હાઈટેક બનાવવા માટે બજેટમાં કામને આવરી લેવામાં આવ્યુ છે. ગુડાના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી આનંદી બેન પટેલે વધુમાં જણાંવ્યુ હતુ કે ગુડા વિસ્તારમાં સરકારી લાગે તેવા નહીં પરંતુ કોર્પોરેટ લુક ધરાવતા આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ગુડાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીએ રૂ ૬૭.૬૧ કરોડના વિકાસ કામોનુ લોકાર્પણ કર્યુ હતુ.

ગુડાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાંવ્યુ હતુ કે સરકારે નાગરિકોના ઘરના ઘરનુ સ્વપ્ન સાકાર કરવાનો સંકલ્પ પાર પાડયો છે. તેમણે ગુડા નિર્મિત આંગણવાડી તેમજ ૧૪ જેટલી દુકાનોની તક્તિ અનાવરણ કરી લોકાર્પણ કર્યુ હતુ. વિકાસની વાતો સાથે તેમણે જીવદયા દાખવવાના અભિગમ સાથે પશુ પક્ષીઓના સ્વાસ્થયને હાનિકારક હોય તેવો ખોરાક ન ખવડાવવા માટે પણ જણાંવ્યુ હતુ. ગુડા ,વન વિભાગ , માર્ગ મકાન, તેમજ મહાનગરપાલિકા સાથે મળીને સંકલન જાળવી કામ કરે તે માટે પણ તેમણે નિર્ણય લીધો હોવાનુ જણાંવ્યુ હતુ.





(તસવીર : દિપક જાની)

ગુડાના સ્થાપના દિવસની ઉજવણી અન્વયે પંડિત દિન દયાળ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં આવ્યો હતો. જેમાં અંદાજિત ૬૪૦ જેટલા બાકી રહેતા લાભાર્થીઓને મકાનોની ચાવી આપવામાં આવી હતી. જયારે રાયસણમાં ૩૦ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનુ પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. સ્થાપના દિવસની ઉજવણીના પ્રસંગે ઉપસ્થિત શહેરી વિકાસ મંત્રી શંકર ચૌધરીએ જણાંવ્યુ હતુ કે ઘરનુ ઘર બનાવાનુ દરેક વ્યકિતનુ સ્વપ્ન હોય છે. અગાઉ ઈન્દિરા આવાસ તેમજ સરદાર આવાસ યોજનાથી આગળ વિચારી શકાયુ ન હતુ પરંતુ વડાપ્રધાને મકાન

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ફુડ સિક્યોરીટી એક્ટ માર્ચથી

## જિલ્લામાં ૭.૫૦ લાખ નાગરિકોને અન્ન સુરક્ષા ધારા હેઠળ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની અમલવારી આગામી માસથી કરવામાં આવનાર છે. અને તે માટે અગ્રતા ધરાવતાં કુટુંબો નક્કી કરવા માટે સામાજિક-આર્થિક અને જાતિ આધારીત વસ્તી ગણતરી-૨૦૧૧ના ડેટા સાથે રેશનકાર્ડ મેપીંગની કામગીરી ગાંધીનગર જિલ્લામાં પૂર્ણ કરવામાં આવી છે. વધુમાં, આ કાયદા હેઠળ રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારની ૧૨૪.૦૬ લાખ મળીને કુલ ૩૮૨.૮૪ લાખની વસ્તી આવરી લેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં આશરે ૧,૩૭,૪૩૯ રેશનકાર્ડ અને આશરે ૭,૫૫,૪૮૬ જેટલી વસ્તીને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

રાષ્ટીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતાં કુટુંબોની ઓળખ કરવા માટેના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે, તે મુજબ જે કુટુંબ યાંત્રિક રીતે ચાલતું ૩ કે ૪ પૈડાનું વાહન કે યાંત્રિક માછીમારી બોટ ધારણ કરતું હોય, કુટુંબનો કોઈ પણ સભ્ય આવકવેરો કે વ્યવસાયવેરો ચુકવતો હોય, પાંચ એકર કે તેથી વધુ જમીન હોય કે બે કે તેથી વધુ સિઝનમાં પાક લેતી પિયતવાળી જમીન ધારણ કરતું હોય કે જે કુટુંબ ૭.૫ એકર કે તેથી વધુ જમીન સાથે પિયત માટેનું સાધન ધારણ કરતું હોય, આમ ઉપરોક્ત પૈકી કોઈ પણ એક અથવા વધુ બાબત ધારણ કરનાર કુટુંબને ગ્રામ્ય વિસ્તારમાં અગ્રતા ધરાવતાં કુટુંબની ઓળખ માટે બાકાત રાખવામાં આવશે.

પરંતુ, જે કુટુંબના પુખ્ત વયના તમામ કમાતા સભ્યો અશક્ત હોય, ગંભીર બિમાર હોય કે ૬૫ વર્ષથી

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૦ ગણિતનું પેપર અઘરુ અને અટપટુ સાબિત થયું

**૧૫ જેટલા પ્રશ્નો ફેરવીને પુછાયા : જયારે રાઈડર ધારણાં બહારની દાખલા રકમ બદલીને પુછાયા : વિદ્યાર્થીઓ માટે સ્કોર કરવો અઘરો**

ગાંધીનગર તા ૧૨

ધોરણ -૧૦ની બોર્ડ પરિક્ષામાં આજે ગણિત વિષયની પરિક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૨૮૪૧૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૫૫૬ વિદ્યાર્થીઓ ગરેહાજર રહયા હતા. ધોરણ -૧૦ના વિદ્યાર્થીઓને ગણિતનુ પેપેર અઘરુ અને લેન્ધી લાગ્યુ હતુ. પેપરમાં ૧૫ જેટલા પ્રશ્નો ફેરવીને પુછાયા હતા. જયારે દાખલા પણ રકમ બદલીને પુછાયા હતા. રાઈડરનો પ્રશ્ન પણ વિદ્યાર્થીઓની ધારણા બહારનો પુછાયો હતો. જેના પરિણામે વિદ્યાર્થીઓને પેપર અઘરુ અને લેન્ધી લાગ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૨માં ગણિતનુ પેપર સરળ નિકળતા પરિક્ષાર્થીઓ હળવા થયા

ગાંધીનગર તા ૧૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિતનુ પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને પરિક્ષામાં મજા પડી હતી. જો કે પેપરમાં ત્રણ જેટલા દાખલા અને ૬ એમ સી ક્યુ કેટલાક વિદ્યાર્થીઓને અટપટા લાગ્યા હતા. જિલ્લામાંથી ૨૮૧૦ વિદ્યાર્થીઓએ ગણિતની પરિક્ષા આપી હતી.

ધોરણ-૧૦ની જેમ ધોરણ-૧૨માં પણ આજે ગણિત વિષયની પરિક્ષા લેવામાં આવી હતી. જેમાં જિલ્લામાંથી ૨૮૯૩ પૈકી ૨૮૧૦ વિદ્યાર્થીઓએ ગણિતની પરિક્ષા આપી હતી. જયારે ૮૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિષય નિષ્ણાંત આર આર પટેલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગણિતનુ પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હતુ જયારે ૬ જેટલા એમ સી ક્યુ તેમજ ત્રણ દાખલા આંકડા બદલીને પુછવામાં આવ્યા હતા. જો કે ગણિતનુ પ્રશ્નપત્ર સંપુર્ણ પુસ્તકઆધારિત હોવાથી વિદ્યાર્થીઓને સરળ લાગ્યુ હતુ. ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

# રાજયમાં કમોસમી વરસાદની સંભાવના

**પંજાબ-રાજસ્થાન પ્રદેશ પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિના લીધે વરસાદની શક્યતા**

અમદાવાદ,તા. ૧૨

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હિમવર્ષા અને વરસાદની સ્થિતિ વચ્ચે ગુજરાતમાં પણ વાતાવરણમાં ફેરફારના સંકેત દેખાઈ રહ્યા છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં આગામી બે ત્રણ દિવસમાં ભારે વરસાદી આગાહી વચ્ચે ગુજરાત રાજ્યમાં પણ વધારે કમોસમી વરસાદની સંભાવના દેખાઈ રહી છે. ગયા સપ્તાહમાં ગુજરાતમાં કમમોસી વરસાદનો એક રાઉન્ડ યોજાઈ ગયા બાદ આગામી દિવસોમાં પણ વધુ એક રાઉન્ડ વરસાદનો પડી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ સર્જાયેલી છે જેના કારણે સ્થિતિ વણસી શકે છે. ત્રીજી માર્ચના દિવસે રાજ્યમાં કમોસમી વરસાદ પડ્યો હતો. અપર એર સાયક્લોનિક અસર ગુજરાત અને રાજસ્થાન ઉપર જોવા મળી હતી જેના લીધે વરસાદ થયો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે, ગુજરાતમાં વધારે વરસાદની શક્યતા દેખાઈ રહી નથીપરંતુ વરસાદી ઝાપટા પડી શકે છે. લોપ્રેશર સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે. પ્રિ-મોનસુન એક્ટિવીટી ગુજરાતમાં પહેલાથી જ શરૂ થઈ ચુકી છે. રાજ્યભરમાં કમોસમી વરસાદની અસર મોનસુન પર થશે નહીં તેમ પણ નિષ્ણાતો કહી રહ્યા છે.

રાજયમાં મહત્તમ તાપમાનમાં તથા લઘુત્તમમાં સતત ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ માટે કોઈપણ પ્રકારની ચેવતણી જારી કરાઈ નથી પરંતુ વરસાદી ઝાપટાની શક્યતા દેખાઈ રહી છે. દેશના અન્ય ભાગોમાં આજે વરસાદ અને હિમવર્ષા પડી હતી. એક બાજુ જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના ઉંચાણવાળા ભાગોમાં હિમવર્ષા થઈ હતી જયારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વરસાદ પડ્યો છે.


શુભેચ્છા...
શહેરના નવ વિકસીત વિસ્તારમાં
શુભ ડેન્ટલ કેર
(મલ્ટી સ્પેશીયલ ડેન્ટલ ક્લીનીક)ના
શુભારંભે
તારીખ : ૧૩ માર્ચ, ૨૦૧૬, સમય : સવારે ૧૦-૦૦ થી...
ડો. શુભાંગ મહારાજાને
હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ...
ડો. ચારુ મહારાજા ● દર્શન મહારાજા
કૃષ્ણકાન્ત જહા ● ભાગ્યેશ જહા ● પ્રકાશ જહા
શોપ નં. ૧૦૬, પહેલે માળ, કાનમ રેસીડન્સી, કુડાસણ, ગાંધીનગર

વિશ્વા મંડપ ડેકોરેટર્સ
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
● પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
● અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
● શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬

સીઝનમાં ભરવાલાયક દરેક પ્રકારના
ઉત્તમ ક્વોલિટી - ઉત્તમ સર્વિસ
● નવા ઘઉં ● નવી તુવેરદાળ ● ચણા દાળ
કોલ્હાપુરી ગોળ મળશે
ગુજરાત ૧૭ | જીરાસર | લચકારી કોલમ
દાવત બાસમતી | રેશમ બાસમતી
કોહીનુર બાસમીત | પરી બાસમતી
નવી તુવેરદાળ
ઘનશ્યામ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૩૮૬, પી.એન.બી. બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૧૭૫૩૬






ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com